ગાંધીનગર સમાચાર

લલિત મોદીને સહાય કરવાના મુદ્દે સુષ્મા સ્વરાજ વિવાદમાં

નવીદિલ્હી,તા. ૧૪

વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે આજે કબૂલાત કરી હતી કે, માનવતાના આધાર પર પ્રવાસ દસ્તાવેજોમાં વિવાદાસ્પદ આઈપીએલ સ્થાપક અને સતત ચર્ચામાં રહેલા લલિત મોદીની મદદ કરવા માટે તેઓએ કહ્યું હતું. સાથે સાથે એવી સ્પષ્ટતા પણ કરી હતી કે, માત્ર માનવતાના આધાર પર આ સમગ્ર વાત ચાલી હતી. સુષ્મા સ્વરાજે અગાઉ માનવતાના આધાર પર લલિત મોદીના પ્રવાસ દસ્તાવેજોમાં ચકાસણી કરવા બ્રિટિશ સરકારને અપીલ કરી હતી. ભારતમાં પરત ફરવા પ્રવાસ દસ્તાવેજોમાં ચકાસણી કરવા આઈપીએલના સ્થાપકની મદદ સુષ્મા સ્વરાજે કરી છે તેવા ટીવી ચેનલના આક્ષેપ બાદ સુષ્માએ આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. વિદેશ મંત્રીએ આઈપીએલ સાથે સંબંધિત વિવાદમાં રહેલા લલિત મોદીને લઈને અહેવાલ આવ્યા બાદ પોતાનું વલણ સ્પષ્ટ કર્યું હતું. સુષ્મા સ્વરાજે આ વિનંતી કર્યા બાદ ભારે હોબાળો રાજકીય પક્ષોમાં મચી ગયો છે. પ્રવાસ દસ્તાવેજો સાથે મોદીની મદદ કરવાના પ્રયાસ સુષ્માએ કર્યા હતા તેવા અહેવાલ આવ્યા બાદ સુષ્માએ કબૂલાત કરતા કહ્યું હતું કે, જુલાઈ ૨૦૧૪ના મહિનામાં તેઓ લલિત મોદીના સંપર્કમાં આવ્યા હતા. સુષ્મા સ્વરાજના પતિએ લલિત મોદી મામલે જુદા જુદા સ્તરમાં તરફેણ કરવાની વાત કરી હતી. એક અગ્રણી ટીવી ચેનલે કહ્યું હતું કે, સુષ્મા સ્વરાજે તેમના રાજીનામા માટેની થઈ રહેલી વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ મુદ્દે વાત કરી છે. અગાઉ શ્રેણીબદ્ધ ટ્વિટ કરીને વિદેશમંત્રીએ પોતાની પોજીસન સ્પષ્ટ કરવાના પ્રયાસ કર્યા હતા. સુષ્માએ કહ્યું હતું કે, જુલાઈ ૨૦૧૪માં લલિત મોદીએ તેમની સાથે વાત કરી હતી અને કહ્યું હતું કે, તેમના પત્નિ કેન્સરથી

ગ્રસ્ત થયેલા છે અને પોર્ટુગલમાં ચોથી ઓગસ્ટના દિવસે સર્જરી કરવામાં આવનાર છે. લલિત મોદીએ તેમને કહ્યું હતું કે, જરૂરી પેપરો ઉપર હસ્તાક્ષર કરવા માટે હોસ્પિટલમાં તેમની હાજરી જરૂરી બની છે. સુષ્માએ કહ્યું હતું કે, લલિત મોદીએ તેમને માહિતી આપી હતી કે, બ્રિટિશ સરકાર પ્રવાસ દસ્તાવેજો આપવા માટે તૈયાર છે પરંતુ યુપીએ સરકાર જે અગાઉ હતી તેના દ્વારા આ પ્રવૃત્તિને રોકી દેવામાં આવી હતી. ભારત-બ્રિટન વચ્ચેના સંબંધો ઉપર પણ આના લીધે અસર થઈ હતી. સુષ્માએ ટ્વિટર પર કહ્યું છે કે, માનવતાના આધાર પર તેઓએ બ્રિટિશ હાઈકમિશનરને કહ્યું હતું કે, બ્રિટિશ સરકારે બ્રિટિશ નિયમો અને ધારાધોરણ મુજબ લલિત મોદીની વિનંતી તરફ ધ્યાન આપવું જોઈએ. જો બ્રિટિશ સરકાર લલિત મોદીને પ્રવાસ દસ્તાવેજો આપવાનું પસંદ કરશે તો આનાથી દ્વિપક્ષીય સંબંધોને કોઈ અસર થશે નહીં. સુષ્માએ એમ પણ કહ્યું હતું કે, કિથવાઝને પણ આ મુજબની વાત તેઓએ કરી હતી. કિથવાઝ એ વખતે મોટી જવાબદારી સંભાળી રહ્યા હતા. સુષ્માએ એમ પણ કહ્યું હતું કે, માનવતાના આધાર બાબતોમાં ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. એક અગ્રણી અખબારમાં આજે ઘટસ્ફોટ કરાયો હતો કે બ્રિટનના ભારતીય મૂળના સાંસદ કિથવાઝ સમક્ષ આ રજૂઆત કરવામાં આવી હતી. નાણાંકીય ગેરરીતિના દાવા વચ્ચે તેમના પાસપોર્ટને લઈ લીધા બાદ લલિત મોદી ૨૦૧૦માં ઈંગ્લેન્ડ જતા રહ્યા હતા.

કોંગ્રેસ પાર્ટીએ મોદી સરકાર પર દબાણ વધાર્યું

લલિત મોદી વિવાદ : સુષ્માના રાજીનામાની માંગણી

નવી દિલ્હી,તા. ૧૪

માનવતાના આધારે લલિત મોદીની મદદ કરવાની વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે વાત કર્યા બાદ આને લઈને વિરોધ પક્ષો આક્રમક મૂડમાં આવી ગયા છે. કોંગ્રેસ પાર્ટીએ આ મુદ્દાને ઉઠાવી લઈને હવે સુષ્મા સ્વરાજની હકાલપટ્ટી કરવાની જોરદાર માંગણી કરી દીધી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા શકીલ અહેમદે કહ્યું છે કે, કોંગ્રેસ ઈચ્છે છે કે, વડાપ્રધાન પ્રધાન તરીકે સુષ્મા સ્વરાજની હકાલપટ્ટી કરે. જો આક્ષેપો સાચા છે તો મોદીએ રાજીનામુ આપી દેવા સુષ્મા સ્વરાજને કહેવું જોઈએ. બીજી બાજુ અન્ય રાજકીય પક્ષોએ પણ આવી જ પ્રતિક્રિયા આપી છે. વૃંદા કારતે કહ્યું છે કે, આ પ્રકારની પહેલ કરવી બિલકુલ યોગ્ય નથી. કોંગ્રેસ પાર્ટીએ આજે માંગ કરી હતી કે, સુષ્મા સ્વરાજે ઈન્ડિયન પ્રિમિયર લીગના ભૂતપૂર્વ વડા લલિત મોદીના પ્રવાસ પેપરો મામલે પોતાની ભૂમિકા કબૂલી લીધી છે જેથી તેમને રાજીનામુ આપી દેવું જોઈએ. સરકાર દ્વારા રેડએલર્ટની જાહેરાત લલિત મોદી સામે કરેલી છે. શકીલ અહેમદે કહ્યું હતું કે, આ ખુબ જ કમનસીબ બાબત છે કે, દેશના વિદેશમંત્રી ઈડી દ્વારા ફરાર જાહેર કરવામાં આવેલા વ્યક્તિની મદદ કરી રહ્યા છે. લલિત મોદીના રાજસ્થાનના મુખ્યમંત્રી સહિત ભાજપના ઘણા નેતાઓ સાથે નજીકના સંબંધો રહેલા છે. વિદેશમંત્રી લલિત મોદીની મદદ કરવા આગળ આવી રહ્યા છે. વડાપ્રધાને તરત જ દરમિયાનગીરી કરીને તેમનું રાજીનામુ લઈ લેવું જોઈએ. બીજી બાજુ સુષ્મા સ્વરાજનું કહેવું છે કે, લલિત મોદીની તબિયતને ધ્યાનમાં લઈને આ વલણ અપનાવ્યું હતું.

સુષ્માએ કોઈ ખોટુ કામ કર્યું નથી : અમિત શાહ-રાજનાથ

નવીદિલ્હી,તા. ૧૪

લલિત મોદી વિવાદ સપાટી ઉપર આવ્યા બાદ સરકાર અને ભાજપે આજે વિદેશમંત્રી સુષ્મા સ્વરાજને મજબૂત ટેકો આપ્યો હતો. ભાજપ અને સરકારે કહ્યું છે કે, સુષ્મા સ્વરાજે કોઈપણ ખોટુ કામ કર્યું નથી. ભાજપ પ્રમુખ અમિત શાહે વિવાદનો અંત લાવતા કહ્યું હતું કે, આ વિવાદ બિનજરૂરી છે. કારણ કે, એક ભારતીય માટે માનવતાના આધાર પર સુષ્મા સ્વરાજે કામ કર્યું છે. એક ભારતીય તેમના પત્નિની કેન્સરની સારવારના સંદર્ભ માટે સુષ્મા સ્વરાજે અપીલ કરી હતી. અમિત શાહે આ વિવાદને શાંત કરવાના પ્રયાસ કરતા કહ્યું હતું કે, વિરોધ પક્ષો બિનજરૂરીરીતે હોબાળો મચાવી રહ્યા છે. અમિત શાહે કહ્યું હતું કે, સુષ્મા સ્વરાજે બ્રિટિશ સાંસદને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે જો બ્રિટનમાં નિયમો આવા કોઈ પગલાની મંજુરી આપે છે તો લલિત મોદીની મદદ કરવામાં આવે. બીજી બાજુ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે પણ સુષ્મા સ્વરાજને સમર્થન આપ્યું છે અને કહ્યું છે કે, વિદેશમંત્રીએ જે કંઈ પણ કર્યું છે તેમાં કંઈ પણ ખોટું નથી. રાજનાથસિંહે કહ્યું હતું કે, સરકાર તેમની સાથે છે. તેમના પગલાને તેઓ વાજબી ગણે છે. રાજનાથસિંહે ઉમેર્યું હતું કે, બ્રિટનના નિયમો અને ધારાધોરણો જે કંઈ પણ પરવાનગી આપે છે તે મુજબ કામ કરવા બ્રિટિશ હાઈકમિશનરને કહ્યું હતું. અગાઉ કેટલાક મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, રાજનાથસિંહે લલિત મોદી મુદ્દા ઉપર વડાપ્રધાન સાથે વાત કરી છે. સુષ્મા સ્વરાજે પણ આ સંદર્ભમાં ખુલાસો કર્યો હતો.

સેનાના પૂર્વ જવાનો દ્વારા દેશમાં ઉગ્ર દેખાવો થયા

નવીદિલ્હી,તા. ૧૪

વન રેન્ક વન પેન્શનના અમલીકરણને લઈને થઈ રહેલા વિલંબથી સેનાના ભૂતપૂર્વ જવાનો ભારે નારાજ દેખાઈ રહ્યા છે. આ લોકોએ આજે દેશભરમાં હિંસક વિરોધ પ્રદર્શન કરીને સરકાર ઉપર દબાણ વધાર્યું છે. ઓઆરઓપીમાં વિલંબને લઈને દેશવ્યાપી દેખાવોમાં પૂર્વ જવાનો જોડાયા હતા. લોહીથી અરજી ઉપર હસ્તાક્ષર પણ કર્યા છે. ઈન્ડિયન એક્સ સર્વિસમેન મુવમેન્ટ દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે, આવતીકાલે ૧ પમી જૂનથી ભૂખ હડતાળ ઉપર નિવૃત્ત જવાનો ઉતરશે. ઈન્ડિયન એક્સ સર્વિસમેન મુવમેન્ટના વાઈસ ચેરમેન મેજર જનરલ સતબીરસિંહે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો હતો અને ઓઆરઓપીના મુદ્દાને ઉકેલવા વધુ સમયની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની માંગ અંગે આખાતવ્યક્ત કર્યો હતો અને આ ખુબ જ જટિલ મામલો છે. ખુબ જ જટિલ મુદ્દાને ઉકેલવા વધારે સમયની માંગ મોદી દ્વારા કરવામાં આવી હતી. મોદીએ ૩૧મી મેના દિવસે મનકી બાત કાર્યક્રમમાં કહ્યું હતું કે, તેમનીસરકાર ઓઆરઓપીને અમલી બનાવવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે પરંતુ થોડાક સમયની જરૂર છે. સેનાના પૂર્વ જવાનો ઓઆરઓપી માટે કોઈ નિશ્ચિત તારીખ નક્કી ન કરતા નાખુશ દેખાઈ રહ્યા છે. સેનાના જવાનોનું કહેવું છે કે, મોટી સંખ્યામાં પૂર્વ જવાનો રેલી અને દેખાવોમાં જોડાયા છે.

૪૭૬૮ નક્સલીઓને મોતને ઘાટ ઉતારી દેવાયા

નક્સલી હિંસામાં ૩૫ વર્ષમાં ૧૫૦૦૦ લોકોના મોત થયા

નવીદિલ્હી,તા. ૧૪

આરટીઆઈ અરજીના જવાબમાં ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે કે, છેલ્લા ૩૫ વર્ષના ગાળામાં નક્સલવાદી હિંસામાં ૧૫૦૦૦થી વધુ લોકોના મોત થયા છે જેમાં ત્રણ હજાર સુરક્ષા જવાનોનો પણ સમાવેશ થાય છે. નક્સલવાદી દૂષણને રોકવા માટે તમામ પ્રયાસો કરતી વેળા મોટી સંખ્યામાં નાગરિકોના પણ મોત થયા છે.

આ ગાળા દરમિયાન ૧૨૧૭૭ નાગરિકોના મોત થયા છે જ્યારે ૩૧૨૫ સુરક્ષા જવાનો શહીદ થયા છે. જ્યારે ૧૯૮૦થી ૩૧મી મે ૨૦૧૫ વચ્ચેના ગાળામાં સુરક્ષા દળો દ્વારા ૪૭૬૮ નક્સલવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. આરટીઆઈ એક્ટ હેઠળ અન્ય એક પ્રશ્નના જવાબમાં સરકારે કહ્યું છે કે, પોલીસ દળના આધુનિકીકરણ માટે છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં જુદા જુદા રાજ્યોને ૩૦૩૮.૮૬ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૪-૧૫ના નાણાંકીય વર્ષ વચ્ચે આંધ્રપ્રદેશને ૧૬૧ કરોડ, ઉત્તરપ્રદેશને ૩૭૭ કરોડ પોલીસ ફોર્સના આધુનિકીકરણ માટેઆપવામાં આવ્યા છે. અન્ય રાજ્યોની વાત કરવામાં આવે તો છત્તીસગઢ અને ઝારખંડને પણ જંગી નાણાં આપવામાં આવ્યા છે. અન્ય એક આરટીઆઈ પ્રશ્નના જવાબમાં મંત્રાલયે કહ્યું છે કે, ૧૦ બળવાખોરગ્રસ્ત રાજ્યોમાં ૪૦૦ મજબૂત સુરક્ષા ધરાવતા પોલીસ સ્ટેશન અને પોસ્ટને મંજુરી આપી છે. આશરે બે કરોડ રૂપિયાની રકમ પોલીસ સ્ટેશન માટે ખર્ચ કરવામાં આવી છે. કેન્દ્ર અને રાજ્યનો સહકાર આમા રહેલો છે.

જનતા પરિવારને હરાવવાની નીતિ

ભાજપને બિનશરતી ટેકો અપાશે : માંઝીની જાહેરાત

પટણા,તા. ૧૪

બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને મહાદલિત નેતા જીતનરામ માંઝીએ આજે કહ્યું હતું કે, બિહારમાં આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને તેમનો ટેકો બિનશરતી રહેશે. તેમણે વાતચીત દરમિયાન કહ્યું હતું કે, હિન્દુસ્તાની અવામ મોરચા અને ભાજપ સાથે મળીને ચૂંટણી લડશે અને એકબીજાને બિનશરતી ટેકો આપશે. તેઓ પોતે વિધાનસભાની ચૂંટણી લડશે કે કેમ તે અંગે નિર્ણય ૨૫ અને ૨૬મી જૂનના દિવસે લેશે. ભાજપને ગુરુવારના દિવસે મોટી રાહત એ વખતે મળી ગઈ હતી જ્યારે જીતનરામ માંઝીએ નીતિશકુમાર અને લાલૂ યાદવના ગઠબંધનને હરાવવા માટે ભાજપ સાથે હાથ મિલાવવાની જાહેરાત કરી હતી. જીતનરામ માંઝીએ ભાજપ પ્રમુખ અમિત શાહ સાથે વાતચીત કરી હતી અને કહ્યું હતું કે, જનતા પરિવારને હરાવવા માટે મજબૂત ગઠબંધનની જરૂર છે. બિહારમાં નીતિશ અને લાલૂ યાદવ સત્તા લાલચ માટે એકબીજાની નજીક આવ્યા છે તેમને રોકવામાં આવે તે જરૂરી છે. માંઝીએ અમિત શાહ સાથે ગુરુવારના દિવસે ૩૦ મિનિટ સુધી વાતચીત કરી હતી અને તમામ મુદ્દા પર ચર્ચા થઈ હતી.

સંયુક્ત રીતે ચૂંટણી પ્રચાર કરવા એનડીએનો નિર્ણય

નવી દિલ્હી,તા. ૧૪

બિહાર વિધાનસભાની ચૂંટણી માટે રણશિંગૂ ફૂંકાવા આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે તમામ રાજકીય પક્ષો પોત પોતાની વ્યૂહરચનામાં લાગી ગયા છે. ભાજપે હવે આક્રમક નીતિ તૈયાર કરી દીધી છે. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં એનડીએ સંયુક્તરીતે પ્રચાર કરવાના નિર્ણય ઉપર પહોંચતા આ વખતની ચૂંટણી રોમાંચક રહેશે. ભાજપ પ્રમુખ અમિતશાહે લોકજનશક્તિ પાર્ટીના વડા રામવિલાસ પાસવાન સાથે બેઠક કરીને ચૂંટણીમાં એનડીએની વ્યૂહરચના પર ચર્ચા કરી હતી. આ બેઠકમાં જેડીયુ-આરજેડી ગઠબંધન દ્વારા બનાવવામાં આવેલા જનતા પરિવાર સામે સંયુક્તરીતે પ્રચાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ભાજપે તેના સાથી પક્ષો સાથે બેઠકોની વહેંચણીના મુદ્દે ચર્ચા શરૂ કરી દીધી છે. અમિતશાહ અને પાસવાન વચ્ચેની બેઠકમાં એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે એનડીએના તમામ સાથી પક્ષો એક સાથે ચૂંટણી પ્રચાર કરશે. આના માટે એક

કાર્યક્રમ ટૂંકમાં જ ઘડી કાઢવામાં આવશે. બિહારના દરેક મત વિસ્તારમાં જાહેર રેલી યોજવા માટે રૂપરેખા તૈયાર કરવામાં આવશે જો કે જુદી જુદી બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ જ કરવામાં આવશે. બેઠક બાદ પાસવાને કહ્યું હતુ કે ભાજપ, એલજેપી અને આરએલએસપી સંયુક્તરીતે પ્રચાર કરશે અને સંયુક્તરીતે જ રેલીઓ કરશે. તારીખોની જાહેરાત ટૂંકમા જ થશે. બિહારમાં દરેક મતવિસ્તારમાં પ્રચાર કરવામાં આવશે. એનડીએને કઈ રીતે મજબુત કરી શકાય તે પાસા પર ચર્ચા થઈ ચુકી છે. બિહારને જંગલરાજમાંથી મુક્ત કરાવવાના પ્રયાસ જોરદાર રીતે કરવામાં આવશે. બિહારમાં પ્રણચતુર્થાંસ બહુમતિ મેળવવાની ચર્ચા કરવામાં આવશે. બેઠકોની વહેંચણીના સંદર્ભમાં તેમણે કહ્યું હતુ કે આના માટે કોઈ લડાઈ નથી. નરેન્દ્ર મોદી અને અમિતશાહ આ અંગે કોઈ નિર્ણય કરશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે મોદી એનડીએના સુપ્રીમ નેતા છે. બેઠકોની વહેંચણીને લઈને કોઈ લડાઈ નથી. જ્યારે ચૂંટણી જાહેર થશે ત્યારે બેસીને નિર્ણય કરાશે.

દૂરદર્શન દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરાઈ

યોગ દિવસનું પ્રજાસત્તાકની જેમ જીવંત પ્રસારણ કરાશે

નવી દિલ્હી ,તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજપથ ઉપર યોગ દિવસે પોતે ઉપસ્થિત રહેનાર છે અને યોગમાંભાગ પણ લેનાર છે. આવી સ્થિતિમાં દૂરદર્શને આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રસારણ માટે ભવ્ય તૈયારીઓ કરી લીધી છે. જે રીતે પ્રજાસત્તાકદિવસની ઉજવણીની ભવ્ય તૈયારી કરવામાં આવે છે અને પ્રસારણ કરવામાં આવે છે તે જ રીતે ઐતિહાસિક રાજપથ ખાતે યોજાનાર આંતરરાષ્ટ્રીય યોગદિવસના કાર્યક્રમના પ્રસારણ માટે દૂરદર્શને કમર કસી લીધી છે. ૨૧મી જૂનના દિવસે કાર્યક્રમના પ્રસારણ માટે દૂરદર્શન ૨૦થી વધુ હાઈડેફિનેશન કેમેરાઓ ગોઠવવાની તૈયારીમાં છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ૨૧મી જૂનના દિવસને મનાવવાની જાહેરાત કરવામાં આવ્યા બાદથી જોરદાર તૈયારી ભારત સરકાર દ્વારા પણ હાથ ધરવામાં આવી છે. બે કેમેરાઓ ઈન્ડિયાગેટ ખાતે ટોપ પર મૂકવામાં આવશે જ્યારે અન્ય કેમેરાઓ ખૂબજ ઊંચી સપાટી પર મુકાશે જેથી ઈન્ડિયાગેટથી વિજય ચોક સુધીના સમગ્ર રાજપથ ઉપર આયોજિત કાર્યક્રમ પર ખૂબજ ઝિણવટભરી નજર રાખી શકાય અને પ્રસારણ સમગ્ર વિશ્વમાં શાનદારરીતે પહોંચે. મોદી સરકાર યોગા દિવસના કાર્યક્રમને સફળ બનાવવા માટે કમસકસ ચુકી છે. રાજપથ પર આયોજિત કાર્યક્રમમાં રેકોર્ડ સંખ્યામાં લોકો પહોંચી રહ્યા છે. આ કાર્યક્રમમાં યોગ કાર્યક્રમ યોજાશે જેમાં યોગાસન કરવામાં આવશે.

તમામ લોકો એક સાથે યોગાસન કરશે. યોગના મહત્વ અંગે મોદી પોતે માહિતી આપશે. મોદી પણ લોકોની સાથે યોગાસન કરનાર છે. ૪૫ હજારથી પણ વધુ લોકો કાર્યક્રમમાં પહોંચનાર છે. આશરે ૧૮ કેમેરાઓ મુખ્યસ્ટેજને કવર કરશે સાથે સાથે પરફોર્મન્સના ઓલરાઉન્ડ કવરેજની ખાતરી કરવામાં આવશે. ટૂંકમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી જેવી તૈયારી કરવામાં આવી છે. ઓલ ઈન્ડિયા રેડિયો દ્વારા પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સાથે સંબંધિત શ્રેણીબદ્ધ કાર્યક્રમો યોજવામાં આવશે સાથે સાથે રાજપથ કાર્યક્રમના જીવંત પ્રસારણની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. આયુષ્ય મંત્રાલય દ્વારા આ વિસ્તારમાં કેટલાક એલઈડી સ્ક્રીન ગોઠવાશે જેના માટે દૂરદર્શન સિગ્નલ ઉપલબ્ધ કરાવશે. સ્વતંત્રતા દિવસ, પ્રજાસત્તાક દિવસ, કોમનવેલ્થ ગેમ્સની જેમ જ આની તૈયારી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યોગ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે રજૂઆત કર્યા બાદ સંયુક્ત રાષ્ટ્રમાં મોદીની દરખાસ્તને પ્રચંડ બહુમતિ સાથે સ્વીકારી લેવામાં આવી હતી અને મોદીની માંગ મુજબ જ ૨૧મી જૂનના દિવસને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે મનાવવાનો નિર્ણય કરાયો હતો.

પીએસયુ બેંકોમાં સીઈઓની પોસ્ટ માટે આજથી ઈન્ટરવ્યુ

ખાનગી ક્ષેત્રના કારોબારીઓ સહિતના ૨૬ ઉમેદવારો ઈન્ટરવ્યુમાં ઉપસ્થિત રહેશે : વય મર્યાદાને ૫૭ કરાઈ

નવી દિલ્હી,તા. ૧૪

સરકારી બેંકો માટે પ્રથમ વખત સીઈઓના હોદ્દા માટે ઈન્ટરવ્યૂની પ્રક્રિયા આવતીકાલથી શરૂ થશે. જાહેર ક્ષેત્રની પાંચ મોટી બેંકોમાં સીઈઓના હોદ્દા માટે ઈન્ટરવ્યૂને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઈન્ટવ્યૂ માટે ખાનગી ક્ષેત્રની બેંકોના ઉમેદવારોની ટૂંકી યાદી તૈયાર કરવામાં આવી છે. પાંચ મોટી બેંકોમાં સીઈઓ અને એમડીના હોદ્દા માટે ઈન્ટરવ્યૂનો દોર શરૂ થશે. પ્રાપ્ત અહેવાલ મુજબ ખાનગી સેક્ટરની બેંકોમાંથી કારોબારીઓ સહિત ૨૬ ઉમેદવારો ૧૫ અને ૧૬મી જૂનના દિવસે ઈન્ટરવ્યૂ માટે એકત્રિત થશે. આ ઉમેદવારમાં જુદી જુદી જાહેર ક્ષેત્રની બેંકોમાં સાત હાલના કારોબારી ડિરેક્ટર તરીકે છે. જાહેરક્ષેત્રની બેંકોમાંથી કારોબારીઓની પસંદગી પ્રથમ વખત કરવામાં આવી રહી છે. પીએનબી એટલે કે પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ બરોડા, કેનેરા બેંક સહિત જાહેર ક્ષેત્રની બેંકોમાં ટોપ હોદ્દા માટે પસંદગીની પ્રક્રિયાના ભાગરૂપે હિલચાલ શરૂ થઈ છે. દરેક ઉમેદવારને ત્રણ સબ કમિટિ અથવા તો બે-બે સભ્યોની બનેલી સ્ક્રિનિંગ કમિટિમાંથી પસાર થવાની ફરજ પડશે. સ્ક્રિનિંગ કમિટિના સભ્યો ફાઈનાન્શિયલ સર્વિસના સેક્રેટરી, એડિશનલ સેક્રેટરી અને આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર રહેશે. સબ કમિટિમાં બહારના ત્રણ નિષ્ણાંતો પણ રહેશે જેમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર એસ વિશ્વનાથન, આઈઆઈએમ ઈન્દોરના ડિરેક્ટર રિશિકેશ ટી કૃષ્ણન અને અલ્હાબાદ બેંકના પૂર્વ ચેર પર્સન અને મેનેજિંગ ડિરેક્ટર એસ પાનસેનો સમાવેશ થાય છે. ઉમેદવારોની અંતિમ પસંદગી આરબીઆઈના ગવર્નરના નેતૃત્વમાં એપોઈન્ટમેન્ટ બોર્ડ દ્વારા કરવામાં આવશે. ફાઈનાન્શિયલ સર્વિસ વિભાગે પીએનબી, બેંક ઓફ બરોડા, બેંક ઓફ ઈન્ડિયા, કેનેરા બેંક અને આઈડીબીઆઈ બેંકમાં એમડી અને સીઈઓના હોદ્દા માટે અરજીઓ આમંત્રિત કરી છે.

શેરબજારમાં તીવ્ર તેજી સાથે શરૂઆત થાય તેવી સંભાવના

નવીદિલ્હી,તા. ૧૪

વિદેશી મૂડીરોકાણકારો દ્વારા વિદેશી પ્રવાહ અને મોનસુનમાં પ્રગતિની સીધી અસર આવતીકાલથી શરૂ થઈ રહેલા શેરબજારમાં નવા કારોબાર ઉપર થશે. જાણકાર નિષ્ણાતો માને છે કે, શેરબજારમાં તેજી સાથે કારોબારની શરૂઆત થઈ શકે છે. સ્થિર ફુગાવાના આંકડા અને આઈઆઈપીમાં આશ્ચર્યજનકરીતે વધારો થયા બાદ તેજી સાથે કારોબારની શરૂઆત થઈ શકે છે. જાણકાર નિષ્ણાતોનું કહેવું છે કે, આ સપ્તાહ દરમિયાન મળનારી ફેડરલ રિઝર્વની બેઠક ઉપર પણ નજર રાખવામાં આવશે. વ્યાજદરમાં વધારાના સમય અંગે કોઈ કડી રોકાણકારોને આ બેઠક દરમિયાન મળી શકે છે. રિલાયન્સ સિક્યુરિટીમાં હેડ રિસર્ચ હિતેશ અગ્રવાલે કહ્યું છે કે, બજારમાં મોનસુન કઈ રીતે પ્રગતિ કરે છે તે બાબત મહત્વપૂર્ણ રહેશે. રિકવરીના સંકેત, ફેક્ટરી ઉત્પાદનના આંકડામાં વધારો થયો છે પરંતુ રિટેલ ફુગાવો પણ મે મહિનામાં વધ્યો છે જેથી કેટલાક કારણો ચિંતાજનક રહ્યા છે. ઓછા વરસાદની આગાહીને લઈને ચિંતા દૂર થઈ રહી નથી. ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન (આઈઆઈપી) ઉપર નક્કી કરવામાં આવતા ફેક્ટરી ઉત્પાદનના આંકડામાં એપ્રિલ મહિનામાં ૪.૧ ટકા સુધીનો વધારો થયો છે જે એક વર્ષ અગાઉ ૩.૭ ટકાનો હતો.

હરિયાણા પોલીસ દ્વારા હિલચાલ હાથ ધરાઈ

નારાયણ સાંઈ માટે સમગ્ર રેલવે કોચ બુક કરવા તૈયારી

નારાયણ સાંઇને ગુજરાતમાંથી પાનીપત લઇ જવા રેલવે સાથે હરિયાણા પોલીસની ચર્ચા

પાનીપત,તા. ૧૪

વિવાદાસ્પદ આસારામના પુત્ર નારાયણ સાંઇને ગુજરાતથી પાનીપત લઇ જવા માટેની કવાયત હાથ ધરવામાં આવી ચુકી છે. આના માટે હરિયાણા પોલીસ એક સમગ્ર રેલવે કોચ મેળવી લેવાના પ્રયાસ કરી રહી છે. જો કે, આમા હજુ સુધી સફળતા હાથ લાગી નથી. આસારામ સામે નોંધવામાં આવેલા જાતિય સતામણી કેસમાં ચાવીરુપ સાક્ષી મહેન્દ્ર ચાવલા ઉપર મે મહિનામાં હુમલો કરવામાં આવ્યા બાદ આ કેસના સંદર્ભમાં નારાયણ સાંઇને પાનીપત લઇ જવાના પ્રયાસ ચાલી રહ્યા છે. રેલવે સાથે હરિયાણા પોલીસની વાતચીત ચાલી રહી છે જેના ભાગરુપે સમગ્ર રેલવે કોચ બુક કરીને નારાયણ સાંઇને લઇ જવામાં આવશે. ૮મી જૂનના દિવસે હરિયાણા પોલીસે રેલવે કોચની ઉપલબ્ધતા નહીં હોવાના કારણે આ કેસની સુનાવણી મોકૂફ કરી દેવા પાનીપત કોર્ટમાં અપીલ કરી હતી. નારાયણ સાંઇને પાનીપત લાવવા માટે રેલવે કોચની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. નારાયણ સાંઇ ડિસેમ્બર ૨૦૧૩માં ધરપકડ કરવામાં આવ્યા બાદથી સુરતની જેલમાં છે. હરિયાણા પોલીસે ચાવલા ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ નોંધવામાં આવેલા હત્યાના પ્રયાસ કેસના સંદર્ભમાં નારાયણ સાંઇનું નામ આપ્યું હતું. ૧૩મી મેના દિવસે આસારામના એક વખતના વિશ્વાસનું ચાવલા ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. તેમના નિવાસસ્થાનની બહાર વણઓળખાયેલા બે યુવાનો દ્વારા ગોળીબાર કરાયો હતો. તેમના પેટમાં અને ગળામાં ગોળી વાગી હતી પરંતુ તે બચી ગયો હતો. પોલીસનું કહેવું છે કે, ચાવલાએ પોતાના નિવેદનમાં કહ્યું છે કે, નારાયણ સાંઇએ હુમલા પહેલા ખતરનાક પરિણામો આવશે તેવી ધમકી આપી હતી. ત્યારબાદ સ્થાનિક કોર્ટે નારાયણ સાંઇ માટે પ્રોડક્શન વોરંટ જારી કરવામાં આવ્યું હતું.